પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા (D.El.Ed.)મા (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અગેના નિયમોમાં દિવ્યાંગોને પ્રવેશ આપવા અંગે સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- ED/OTH/e-file/3/2026/4072/N
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:-**

1. શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ-ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
2. શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ-ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
3. શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
4. શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૬/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
5. શિક્ષણ વિભાગનો તા.૧૦/૧૨/૨૦૨૫નો ઠરાવ ક્રમાંકઃ ED/OTH/e-file/3/2025/5586/N
6. શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંકઃ ED/OTH/e-file/3/2025/7227/N
7. શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૨/૨૦૨૬નો ઠરાવ ક્રમાંકઃ ED/MISC/e-file/3/2025/3463/N
8. શિક્ષણ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૨૬નો ઠરાવ ક્રમાંકઃ ED/OTH/e-file/3/2025/5586/N
9. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૪/૦૭/૨૦૨૬૫ના પત્ર ક્રમાંક- પ્રાશિનિ/જ-પીટીસી/ઈ ૩૭૩૬

**પ્રસ્તાવના:-**

શૈક્ષણિક સંસ્થાઓના નિયમન અધિનિયમ-૧૯૮૪, રાજયની શૈક્ષણિક સંસ્થાઓ ઉપર નિયમન લાવવાના ઉદ્દેશથી ઘડવામાં આવ્યો હતો અને આ અધિનિયમ હેઠળ પ્રિ-પી.ટી.સી./પી.ટી.સી. સંસ્થાઓના નિયમો-૧૯૮૪ તૈયાર કરવામાં આવ્યા હતા. જેના નિયમ-૬ માં નિર્દિષ્ટ પરિશિષ્ટ-૫ માં દર્શાવ્યા મુજબ વખતો વખતના સુધારા સહિત પ્રવેશ નિયમો ઘડવામાં આવેલ. આ નિયમો અન્વયે વંચાણે લીધેલ સંદર્ભ (૧) પર વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નિયમો પ્રસિદ્ધ કરેલ હતા. વંચાણે લીધેલ સંદર્ભ (૬) પરના વિભાગના તા.૨૭/૦૧/૨૦૨૬ના ઠરાવથી ડી.એલ.એડ (પી.ટી.સી.)ના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા કેન્દ્રિયકૃત અને ઓનલાઈન પ્રવેશ પદ્ધતિથી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ (૯)પરના પ્રાથમિક શિક્ષણ નિયામકના તા.૧૪/૦૫/૨૦૨૬ના પત્રથી પીટીસી (D.El.Ed) માં દિવ્યાંગોને પ્રવેશ આપવા અંગે પ્રવર્તમાન નિયમોમાં સુધારા કરવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવઃ-**

કાળજીપુર્વકની વિચારણાને અંતે, The Rights of Persons with Disabilities Act, 2016 એક્ટ અને ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામાની જોગવાઈઓને ધ્યાને લઈ, પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના પ્રવર્તમાન નિયમોમાં સુધારો કરીને ૪૦ % થી ૧૦૦ % બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પ્રવેશ માટે પાત્ર ગણવાની આથી, જોગવાઈ કરવામાં આવે છે. જેને ધ્યાને લેતા, વંચાણે લીધા ક્રમાંક-(૧) પરના તા.૦૨/૦૭/૨૦૧૨ના ઠરાવથી નિયત થયેલ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ નિયમોના પરિશિષ્ટ-૧માં નિયમ-પ.૪, પ.૪ (ક), પ.૪(ખ), પ.૪.૧, પ.૪.૨, પ.૪.૩ ની જોગવાઈઓ રદ કરવામાં આવે છે. અને તેના સ્થાને પરિશિષ્ટ-૧માં પ.૪. માં નીચે મુજબની સુધારા જોગવાઈ ઉમેરવામાં આવે છે.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | નિયમ |
|---|---|
| પ.૪ | ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામાં મુજબ નીચેની કેટેગરીમાં ૪૦ % થી ૧૦૦ % બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પ્રવેશ માટે પાત્ર ગણવામાં આવે છે.<br>a) B, LV<br>b) HH<br>c) OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV<br>d) SLD, MI<br>e) MD involving (a) to (d) above<br>રાજ્યમાં પ્રવેશ માટે ઉપલબ્ધ જગ્યાઓ પૈકી કુલ ૫ % જગ્યાઓ દિવ્યાંગો માટે દરેક કેટેગરી વચ્ચે સમાન રીતે ૧ % મુજબ વહેંચવાની રહેશે.<br>જો કોઈ કેટેગરીવાળા ઉમેદવારો રાજ્યની કુલ જગ્યાના ૧ % થી વધી જતા હોય તો દિવ્યાંગોની અન્ય કેટેગરીની ખાલી રહેલ જગ્યાઓ પર સમાવિષ્ટ કરી કુલ જગ્યાના ૫ % થી વધી ન જાય તેટલી જગ્યાઓ ભરી ત્યારબાદ દિવ્યાંગ ઉમેદવારોનું સમગ્ર મેરીટ એકસાથે બનાવવાનું રહેશે.<br>આ ઉમેદવારોને તેમની ચોઈસ મુજબની કોલેજોમાં મેરીટ મુજબ પ્રવેશ આપવાનો રહેશે. દરેક કોલેજમાં આ મુજબ ૫ % થી વધારે સીટ ભરવાની રહેશે નહી.<br>આ પ્રક્રિયા દરમિયાન દિવ્યાંગ ઉમેદવાર જે અનામત કેટેગરી (ઉ.દા. સા.શૈ.પ.વ./આ.ન.વ)નો હશે તેને તે કેટેગરીમાં ગણવાનો રહેશે.<br>દરેક દિવ્યાંગોને સમાવ્યા પછી પણ જો ૫ % સીટ ન ભરાય તો તે જગ્યાઓ સામાન્ય ઉમેદવારો દ્વારા અનામતની મૂળ કેટેગરી/બિન અનામતથી ભરી શકાશે. |

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર સરકારશ્રીની તા. ૩૦-૭-૨૦૨૬ ની નોંધ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેછે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(હેતલ સચાણીયા)**
**સેકશન અધિકારી,**
**શિક્ષણ વિભાગ.**

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનર
2. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પ્રા.શિ., મા.શિ. અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અ.મુ.સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
6. નિયામકશ્રી, જીસીઈઆરટીની કચેરી, સેક્ટર-૧૨, ગાંધીનગર.
7. અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
8. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની, કચેરી મારફત)
9. કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઠરાવ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારુ.)
10. સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:Hetal A sachaniya
Section Officer
Date:2026.08.03
14:32:04 +5:30